MEMORIAL HERMANN

# મેમોરિયલ હરમૅન હેલ્થ સિસ્ટમ
# સરપ્રાઇઝ મેડિકલ બિલ સામે તમારા અધિકારો અને રક્ષણો

જ્યારે તમારી ઇમર્જન્સી કેર લેવામાં આવે છે અથવા નેટવર્કની બહારના પ્રદાતા દ્વારા ઇન-નેટવર્ક હૉસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટરમાં સારવાર કરવામાં આવે છે, ત્યારે તમે બેલેન્સ બિલિંગથી સુરક્ષિત હોવ છો. આ કિસ્સાઓમાં, તમારી પાસેથી તમારા પ્લાનનાં કો-પેમેન્ટ, કો-ઇન્શ્યોરન્સ અને/અથવા કપાતપાત્ર રકમ કરતાં વધુ વસૂલવામાં આવશે નહીં.

## "બેલેન્સ બિલિંગ" (ક્યારેક "સરપ્રાઇઝ બિલિંગ" કહેવાય છે) શું છે?

જ્યારે તમે કોઈ ડૉક્ટર અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતા પાસે જાઓ છો, ત્યારે તમે કો-પેમેન્ટ, કો-ઇન્શ્યોરન્સ અથવા કપાતપાત્ર રકમ જેવા હેલ્થ ઇન્શ્યોરન્સ પ્લાન દ્વારા આવરી લેવામાં ન આવતા અમુક ખર્ચા (આઉટ-ઑફ-પૉકેટ કૉસ્ટ)ની ચુકવણી કરવા માટે બંધાયેલા હોઈ શકો છો. જો તમે એવા કોઈ પ્રદાતા પાસે જાઓ છો અથવા કોઈ હેલ્થ કેર ફેસિલિટીની મુલાકાત લો છો કે જે તમારા હેલ્થ પ્લાનના નેટવર્કમાં ન હોય તો તમને વધારાના ખર્ચા થઈ શકે છે અથવા તમારે સંપૂર્ણ બિલની ચુકવણી કરવી પડી શકે છે.

"નેટવર્કની બહારના (આઉટ-ઑફ-નેટવર્ક)" એટલે એવા પ્રદાતાઓ અને ફેસિલિટી કે જેમણે સેવાઓ પ્રદાન કરવાં માટે તમારા હેલ્થ પ્લાન સાથે કરાર પર સહી કરી ન હોય. નેટવર્કની બહારના પ્રદાતાઓને તમારો પ્લાન જેની ચુકવણી કરે છે તે રકમ તથા કોઈ સેવા માટે વસૂલવામાં આવતી પૂરી રકમની વચ્ચેના તફાવતની રકમ માટે તમને બિલ કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. આને "**બેલેન્સ બિલિંગ**" કહેવાય છે. આ રકમ સમાન સેવા માટેના ઇન-નેટવર્ક ખર્ચ કરતાં વધુ હોવાની શક્યતા છે અને બની શકે કે તમારા પ્લાનની કપાતપાત્ર રકમ અથવા વાર્ષિક આઉટ-ઑફ-પૉકેટની મર્યાદામાં આને ગણતરીમાં લેવામાં ન આવે.

"સરપ્રાઇઝ બિલિંગ" એ અનપેક્ષિત બેલેન્સ બિલ છે. આ ત્યારે થઈ શકે છે કે જ્યારે તમે નિયંત્રિત કરી શકતા ન હો કે તમારી સંભાળમાં કોણ સંકળાયેલું છે - જેમ કે જ્યારે તમે કોઈ ઇમર્જન્સીમાં હો અથવા જ્યારે તમે ઇન-નેટવર્ક ફેસિલિટી ખાતે મુલાકાત શેડ્યૂલ કરો છો પરંતુ અણધારી રીતે તમારી સારવાર નેટવર્કની બહારના પ્રદાતા દ્વારા કરવામાં આવે છે. સરપ્રાઇઝ મેડિકલ બિલને લીધે પ્રક્રિયા અથવા સેવાના આધારે હજારો ડોલરનો ખર્ચ થઈ શકે છે.

## તમે આ બાબતો માટે બેલેન્સ બિલિંગથી સુરક્ષિત હોવ છો:

### ઇમર્જન્સીની સેવાઓ

જો તમે ઇમર્જન્સીની તબીબી સ્થિતિમાં હો અને તમે નેટવર્કની બહારના પ્રદાતા અથવા ફેસિલિટીની ઇમર્જન્સીની સેવાઓ મેળવો છો, તો વધુમાં વધુ તેઓ તમારા પ્લાનની ઇન-નેટવર્ક કૉસ્ટ-શેરિંગની રકમ (જેમ કે કો-પેમેન્ટ, કો-ઇન્શ્યોરન્સ અને કપાતપાત્ર રકમ) માટે તમને બિલ કરી શકે છે. આ ઇમર્જન્સીની સેવાઓ માટે તમને બેલેન્સ બિલ કરી **શકાતું નથી**. આમાં એવી સેવાઓનો સમાવેશ થાય છે જે તમારા સ્વાસ્થ્યની સ્થિતિ સ્થિર થઈ જાય તે પછી તમને મળી શકે છે, સિવાય કે તમે લિખિત સંમતિ આપો અને આ પોસ્ટ-સ્ટેબિલાઇઝેશન સેવાઓ માટે બેલેન્સ બિલ ન કરવામાં આવે તે માટેનાં તમારાં રક્ષણોને છોડી દો છો.

ટેક્સાસનો કાયદો, રાજ્ય દ્વારા નિયંત્રિત હેલ્થ ઇન્શ્યોરન્સ ધરાવતા (ટેક્સાસવાસીઓના લગભગ 16 ટકા) દર્દીઓને ઇમર્જન્સીની સ્થિતિઓમાં અથવા જ્યારે તેમની પાસે ડૉક્ટરોની પસંદગીનો વિકલ્પ ન હોય ત્યારે સરપ્રાઇઝ મેડિકલ બિલથી રક્ષણ આપે છે. કાયદો, તે કિસ્સાઓમાં દર્દીઓને સરપ્રાઇઝ મેડિકલ બિલ મોકલવાથી ડૉક્ટરો અને પ્રદાતાઓને પ્રતિબંધિત કરે છે.

MEMORIAL HERMANN

**ઇન-નેટવર્ક હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટર ખાતેની અમુક સેવાઓ**
જ્યારે તમને ઇન-નેટવર્ક હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટરમાંથી સેવાઓ મળે છે, ત્યારે ત્યાંના અમુક પ્રદાતાઓ નેટવર્કની બહારના હોઈ શકે છે. આ કિસ્સાઓમાં, તે પ્રદાતાઓ વધુમાં વધુ તમને તમારા પ્લાનની ઇન-નેટવર્ક કૉસ્ટ-શેરિંગની રકમ માટે બિલ કરી શકે છે. આ, ઇમરજન્સી મેડિસિન, એનેસ્થેસિયા, પેથોલૉજી, રેડિયોલૉજી, લેબોરેટરી, નિયોનેટોલૉજી, આસિસ્ટન્ટ સર્જન, હૉસ્પિટલિસ્ટ અથવા ઇન્ટેન્સિવિસ્ટ સેવાઓને લાગુ પડે છે. આ પ્રદાતાઓ તમને બેલેન્સ બિલ કરી **શકતા નથી** અને બેલેન્સ બિલ ન કરવામાં આવે માટેનાં તમારાં રક્ષણોને છોડી દેવા માટે કહી શકતા **નથી**.

જો તમે આ ઇન-નેટવર્ક ફેસિલિટી ખાતે અન્ય પ્રકારની સેવાઓ મેળવો છો, તો નેટવર્કની બહારના પ્રદાતાઓ તમને બેલેન્સ બિલ કરી **શકતા નથી**, સિવાય કે તમે લિખિત સંમતિ આપો અને તમારાં રક્ષણોને છોડી દો છો.

ટેક્સાસનો કાયદો નેટવર્કની બહારના ફિઝિશિયન અથવા અન્ય પ્રદાતા દ્વારા ઇન-નેટવર્ક ફેસિલિટી ખાતે પ્રદાન કરવામાં આવતી કોઈપણ આરોગ્ય સંભાળ, તબીબી સેવા અથવા પુરવઠા માટે અને કોઈ નેટવર્કમાંના ફિઝિશિયન અથવા પ્રદાતા દ્વારા આપવામાં આવતી આરોગ્ય સંભાળની સેવાના સંબંધમાં ડાયગ્નોસ્ટિક ઇમેજિંગ પ્રદાતાઓ અને લેબોરેટરીની સેવાના પ્રદાતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવતી સેવાઓ માટે પણ બેલેન્સ બિલિંગને પ્રતિબંધિત કરે છે.

**તમારે ક્યારેય પણ બેલેન્સ બિલિંગથી તમારાં રક્ષણોને છોડી દેવાની જરૂર હોતી નથી. તમારે નેટવર્કની બહારની સંભાળ લેવાની પણ જરૂર નથી. તમે તમારા પ્લાનના નેટવર્કમાં રહેલા પ્રદાતા અથવા ફેસિલિટીને પસંદ કરી શકો છો.**

**જ્યારે બેલેન્સ બિલિંગની મંજૂરી ન હોય, ત્યારે તમારી પાસે આ રક્ષણો પણ હોય છે:**

- તમે માત્ર તમારા હિસ્સાના ખર્ચની ચુકવણી કરવા માટે જ જવાબદાર છો (જેમ કે કો-પેમેન્ટ, કો-ઇન્શ્યોરન્સ અને કપાતપાત્ર રકમ કે જેની ચુકવણી તમે કરશો જો પ્રદાતા અથવા ફેસિલિટી ઇન-નેટવર્કમાં હોત તો). તમારો હેલ્થ પ્લાન નેટવર્કની બહારના પ્રદાતાઓ અને ફેસિલિટીને સીધા જ કોઈપણ વધારાના ખર્ચની ચુકવણી કરશે.
- સામાન્ય રીતે, આવશ્યક છે કે તમારો હેલ્થ પ્લાન:
  - તમારે સેવાઓ માટે અગાઉથી મંજૂરી મેળવવા ("પૂર્વ અધિકૃતિ" તરીકે પણ જાણીતી)ની જરૂર વિના ઇમર્જન્સીની સેવાઓને કવર કરે.
  - નેટવર્કની બહારના પ્રદાતાઓ દ્વારા આપવામાં આવતી ઇમર્જન્સીની સેવાઓને કવર કરે.
  - તમે પ્રદાતા અથવા ફેસિલિટીને કેટલી રકમ ચૂકવવા બંધાયેલા છો (કૉસ્ટ-શેરિંગ) તેને તે પોતે ઇન-નેટવર્ક પ્રદાતા અથવા ફેસિલિટીને કેટલી ચુકવણી કરશે તેના પર આધારિત કરે અને તેમાંથી નીકળતી રકમને તમારા લાભ વિષયક સ્પષ્ટીકરણમાં બતાવે.
  - તમે ઇમર્જન્સીની સેવાઓ અથવા નેટવર્કની બહારની સેવાઓ માટે ચૂકવો છો તે કોઈપણ રકમને તમારી ઇન-નેટવર્ક કપાતપાત્ર રકમ અને આઉટ-ઑફ-પૉકેટની મર્યાદા પ્રત્યે ગણતરીમાં લે.

**જો તમે માનતા હો કે તમને ખોટી રીતે બિલ કરવામાં આવ્યા છે**, તો તમે (800) 985-3059 પર ફેડરલ નો સરપ્રાઇઝેસ હેલ્પ ડેસ્કનો અથવા (800) 252-3439 પર ટેક્સાસ ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્શ્યોરન્સનો સંપર્ક કરી શકો છો.

ફેડરલ કાયદા હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે **www.cms.gov/nosurprises/consumers**ની મુલાકાત લો. ટેક્સાસના કાયદા હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે **https://www.tdi.texas.gov/medical-billing/surprise-balance-billing.html**ની મુલાકાત લો.